# હેલ્થ એન્ડ સેફ્ટીની છેલ્લામાં છેલ્લી વિગતોથી હું કેવી રીતે વાકેફ રહી શકું?
# (How can I keep up to date with Health and Safety?)

આરોગ્ય અને સુરક્ષાને લગતા કાયદાની છેલ્લામાં છેલ્લી વિગતોથી તમે તમારી જાતને વાકેફ રાખી શકો તે માટે અનેક પદ્ધતિઓ છે.

**એચ.એસ.ઈ.ની વેબસાઈટ**

એચ.એસ.ઈ.ની વેબસાઈટ પરથી એચ.એસ.ઈ.ની ઝૂંબેશો, માહિતી આપતી મફત પત્રિકાઓ અને હેલ્થ એન્ડ સેફ્ટીને હાલમાં અસર કરતી મુખ્ય બાબતોને લગતા સમાચારોના સ્વરૂપમાં તમને મોટા ભાગની અદ્યતન માહિતી મળી શકે છે.

**એચ.એસ.ઈ. ન્યૂઝ બુલેટિન**

કામની જગ્યાએ આરોગ્ય અને સુરક્ષાને લગતા અનેક જુદા જુદા વિષયો ઉપર એચ.એસ.ઈ.ની પ્રેસ ઓફિસ દ્વારા બહાર પાડવામાં આવતી બધી જ અખબારી જાહેરાતો આમાં દર અઠવાડિયે એક સાથે પ્રકાશિત કરવામાં આવે છે. હાલમાં આનું 12 મહિનાનું લવાજમ £50 છે.

- **એચ.એસ.ઈ.ની અખબારી જાહેરાતો**

**લવાજમની સેવાઓ**

હાલમાં, એચ.એસ.ઈ. બુક્સ પાસેથી અનેક લવાજમી સેવાઓ મળી શકે છે. ખાસ કરીને તેમાંથી ત્રણ સેવાઓ કામના સ્થળે આરોગ્ય અને સુરક્ષાને લગતાં બધાં જ પાસાં ઉપરની સામાન્ય માહિતી આપે છેઃ

**ન્યૂ બુક્સ ન્યૂઝ New Books News**

હાલમાં આ મફત લવાજમી સેવા છે. એક નિયમિત ન્યૂઝલેટમાં એચ.એસ.સી./ઈ.ના બધાં જ નવાં પ્રકાશનોની વિગતો તેમજ સંબંધિત સંસદીય પ્રકાશનો, જેમ કે સ્ટેટ્યુટરી ઈનસ્ટ્રુમેન્ટ્સ એન્ડ રેગ્યુલેશન્સને લગતી માહિતી પૂરી પાડવામાં આવે છે. આ સેવા આગામી કેટલોગ ઉપલબ્ધ થાય તે પહેલાં તમને એચ.એસ.ઈ.નાં નવાં પ્રકાશનો વિશે માહિતગાર રાખશે.

**હેલ્થ એન્ડ સેફ્ટી કમિશન ન્યૂઝલેટર Health And Safety Commission Newsletter**

આ ન્યૂઝલેટર દ્વિમાસિક છે, આ પૂરેપૂરા રંગીન પ્રકાશનમાં આરોગ્ય અને સુરક્ષાની બાબતોની અસર પામતાં બધાં જ લોકોને જોઈતી માહિતી એક જ સ્થાનેથી મળી રહે છે. આમાં આવરી લેવામાં આવતા વિષયોમાં સમાવેશ થાય છેઃ આરોગ્ય અને સુરક્ષાની બાબતો ઉપર રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સમાચારો, યૂરોન્યૂઝ - યૂરોપમાં આરોગ્ય અને સુરક્ષાની પરિસ્થિતિ અને તે યુકેના ધંધાઓને કેવી રીતે અસર કરશે, કાયદા અને નવી આચાર સંહિતા, વિસ્તૃત શ્રેણીની ઔદ્યોગિત પ્રક્રિયાઓ અને ખતરા ઉપર માર્ગદર્શન, હેલ્થ એન્ડ સેફ્ટી કમિશન/એક્ઝેક્યૂટિવ તરફથી પ્રકાશિત પ્રકાશનો, અકસ્માતો અને તે કેવી રીતે નિવારી શકાયા હોત તે વિશેના અહેવાલો. છ આવૃત્તિઓ માટેનું એકવારનું લવાજમ £15.00 છે. વધારાનાં લવાજમો માટે ડિસ્કાઉન્ટ મળી શકે છે.

- **એચ.એસ.ઈ. ડાઈરેક્ટ**

આ લવાજમી સેવા છે, જે ઈન્ટરનેટ મારફતે મળી શકે છે અને તે ટૂંક સમયમાં જ સીડી-રોમ પર પણ ઉપલબ્ધ થશે, જેમાંથી આરોગ્ય અને સુરક્ષાની માહિતી તાત્કાલિક મળી શકશે. સીડી-રોમ શરૂ કરવાની તારીખની જાહેરાત કરવાની હજુ બાકી છે. આમાં એક મફત વિસ્તાર છે જેમાં મુખ્ય સમાચારોનાં શિર્ષકો, કાર્યક્રમોની તારીખો અને એચ.એસ.ઈ.ની અખબારી જાહેરાતો તેમજ ચર્ચાવિચારણા માટેના દસ્તાવેજો મૂકવામાં આવેલા છે. આ સાઈટ ઉપર હેલ્પની સુવિધા છે અને તેમાં વારંવાર પૂછવામાં આવતા પ્રશ્નોની એક યાદી પણ આપેલી છે.

લવાજમી વિસ્તારમાં કાયદા (એક્ટ્સ, રેગ્યુલેશન્સ અને ઈયુ ડાઈરેક્ટિવ્ઝ), એચ.એસ.ઈ.નાં વેચાતાં મળતાં પ્રકાશનો

(એચ.એસ.જી. અને એલ. શ્રેણી) અને ફોર્મો આપેલાં છે. એક દિવસની ટિકિટની કિંમત £20 + વી.એ.ટી. અને વાર્ષિક લવાજમની કિંમત £241 + વી.એ.ટી. છે. એક કરતાં વધારે ઉપયોગકર્તાઓનાં લવાજમો ડિસ્કાઉન્ટ ઉપર મળી શકે છે.